# જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, સુરત

બ્લોક-એ,ત્રીજો માળ, જિલ્લા સેવા સદન-૨, અઠવાલાઈન્સ, સુરત- ૩૯૫૦૦૧

:-૦૨૬૧-૨૬૬૨૯૦૨ :- suratdeo@gmail.com

Web :-www.suratdeo.org


ક્રમાંક:પરક્ષ/૨૦૨૫/૧૨૦૮ તા.૧૬/૦૬/૨૦૨૫

પ્રતિ,

આચાર્યશ્રી,

સરકારી,ગ્રાન્ટેડ,ખાનગી માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ તમામ,

જિ-સુરત.

વિષય: ધોરણ-૯ અને ધોરણ-૧૧ના વર્ગ બઢતીના નિયમો બાબત.

આ સાથે સામેલ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ ગાંધીનગરના તા.૧૨/૦૬/૨૦૨૪ના પત્રાંક : મઉમશબ/સંશોધન/૨૦૨૪/૧૭૦૬-૪૦ અન્વયે જણાવવાનું કે વર્ષ: ૨૦૨૩-૨૪ થી વર્ગ બઢતીના નિયમો અમલમાં આવેલ હોઇ ચાલુ વર્ષ:૨૦૨૫-૨૬ માં પણ આ નિયમો અમલમાં છે તથા ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્રારા નવી સૂચના ન મળે ત્યાં સુધી સદર વર્ગબઢતીના નિયમોનો અમલ કરવા જણાવવામાં આવે છે.

જિલ્લા શિક્ષણાધિકારી

સુરત, જિ-સુરત

**પરિપત્ર - વર્ગબઢતી**

ક્રમાંક:મઉમશબ/સંશોધન/૨૦૨૪/૧૭૦૬-૪૦
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેકટર-૧૦ બી, જૂના સચિવાલય પાસે,
ગાંધીનગર. તા.૧૨/૦૬/૨૦૨૪

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, (તમામ)
ગુજરાત રાજ્ય.

વિષય :- ધોરણ-૯ અને ધોરણ-૧૧ ના વર્ગબઢતીના નિયમો બાબત.
સંદર્ભ :- ગુ.મા. અને ઉ.મા.શિ. બોર્ડની શૈક્ષણિક સમિતિની તા.૦૭/૦૬/૨૦૨૪ ના રોજ મળેલ બેઠકના ઠરાવ ક્રમાંક:૦૨/૨૦૨૪.

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની માન્યતા ધરાવતી શાળાઓ માટે ધોરણ-૯ અને ધોરણ-૧૧ (વિજ્ઞાન પ્રવાહ)ના વર્ગબઢતીના નિયમો બોર્ડના તા.૨૭/૦૮/૨૦૧૮ ના પરિપત્ર ક્રમાંક:મઉમશબ/સંશોધન/૨૦૧૮/૪૧૭૯-૪૨૧૬ થી અમલમાં છે. ધોરણ-૧૧ (વિજ્ઞાન પ્રવાહ) સિવાયના અન્ય પ્રવાહો માટેના વર્ગબઢતીના નિયમો બોર્ડના તા.૨૭/૦૯/૨૦૧૬ ના પત્રક્રમાંક:મઉમશબ/સંશોધન/૨૦૧૬/૨૬૭ થી અમલમાં છે. હાલના ધોરણ-૯ અને ધોરણ-૧૧ ના વર્ગબઢતીના નિયમોમાં પુનઃ પરીક્ષા (રી-ટેસ્ટ) ની જોગવાઈ નથી. ધોરણ-૯ અને ધોરણ-૧૧ માં નાપાસ થનાર વિદ્યાર્થીઓ માટે પુનઃ પરીક્ષા (રી-ટેસ્ટ) લેવા અંગેની રજૂઆતો શાળાઓ દ્વારા કરવામાં આવતી હોય છે. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦ માં વિદ્યાર્થીને પરિણામ સુધારવા માટેની તક મળે તેવી જોગવાઈ કરવા જણાવેલ છે. સદર બાબત ધ્યાને લઈને તા.૦૭/૦૬/૨૦૨૪ ના રોજ મળેલ બોર્ડની શૈક્ષણિક સમિતિમાં સંદર્ભ દર્શિત ઠરાવ ક્રમાંક:૦૨/૨૦૨૪ થી વિદ્યાર્થીઓના હિતમાં કરવામાં આવેલ નિર્ણય મુજબ હાલના વર્ગબઢતીના નિયમોમાં ધોરણ-૯ માટે નિયમ-૬ (૭), ધોરણ-૧૧ (વિજ્ઞાન પ્રવાહ) માટે નિયમ નં-૫ (૮) અને ધોરણ-૧૧ (સામાન્ય પ્રવાહ) માટે નિયમ નં-૮ (ક) માં નીચે દર્શાવ્યા મુજબની જોગવાઈ શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪ થી કરવામાં આવે છે.

"જે વિદ્યાર્થી જે શૈક્ષણિક વર્ષની વાર્ષિક પરીક્ષાના પરિણામમાં જે વિષયોમાં નાપાસ થયેલ હોય તેવા વિદ્યાર્થી માટે શાળા કક્ષાએ તે વિષયોની પુનઃ પરીક્ષા ત્યાર પછીના શૈક્ષણિક વર્ષની શરૂઆતના ૧૫ દિવસમાં લેવાની રહેશે. વિદ્યાર્થીની પુનઃપરીક્ષાના પરિણામના આધારે વિદ્યાર્થીને વર્ગબઢતી આપવાની રહેશે."

ધોરણ-૯ અને ધોરણ-૧૧ ના વર્ગબઢતીના સુધારેલ નિયમોની જોગવાઈ શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪ થી લાગુ કરેલ હોઈ શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪ માં ધોરણ-૯ અને ધોરણ-૧૧ ની વાર્ષિક પરીક્ષાના પરિણામમાં નાપાસ થયેલ વિદ્યાર્થીઓ માટે પુનઃ પરીક્ષા શાળાકક્ષાએ તા.૨૯/૦૬/૨૦૨૪ સુધીમાં લઈને તેના પરિણામના આધારે વિદ્યાર્થીને વર્ગબઢતી આપવાની રહેશે. જે અંગે નોંધ લેશો.

ઉક્ત વિગતો આપના તાબાની તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓને જાણ તથા અમલ સારું મોકલી આપશો.

સંયુક્ત નિયામક
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર

બિડાણ:- ધોરણ-૯ અને ધોરણ-૧૧ ના વર્ગબઢતીના સુધારેલ નિયમો.

નકલ સવિનય રવાના :-

- માન. અધ્યક્ષશ્રી, ગુ.મા. અને ઉ.મા. શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.
- માન. નાયબ અધ્યક્ષશ્રી, ગુ.મા. અને ઉ.મા. શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.
- માન. નિયામકશ્રી (પરીક્ષા), ગુ.મા. અને ઉ.મા. શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.

નકલ રવાના :-

- નાયબ નિયામકશ્રી (પરીક્ષા), (વિ.પ્ર./સા.પ્ર./SSC), ગુ.મા. અને ઉ.મા. શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.

# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,

## ગાંધીનગર

**શૈક્ષણિક વર્ષ-૨૦૨૩-૨૪ થી અમલી**

## વર્ગ બઢતીના નિયમો : ધોરણ-૯

[ગુજરાત માધ્યમિક શિક્ષણ અધિનિયમ-૧૯૭૨ સેક્શન ૧૭(૧૦) અન્વયે]

| | |
|---|---|
| નિયમ-૧ | દરેક રજીસ્ટર્ડ માધ્યમિક શાળાએ દરેક સત્રમાં એક પરીક્ષા બોર્ડ સૂચવે તે તારીખ પ્રમાણે અને વાર્ષિક પરીક્ષા એપ્રિલ માસમાં બોર્ડ સૂચવે તે તારીખ પ્રમાણે લેવાની રહેશે. |
| નિયમ-૨ | રજીસ્ટર્ડ માધ્યમિક શાળાઓએ વર્ષ દરમ્યાન લેવાની પરીક્ષાઓના પ્રશ્નપત્રો તૈયાર કરવા માટે બોર્ડ દ્વારા સૂચવવામાં આવેલ વિષયવાર પ્રશ્નપત્રના પરિરૂપને અનુસરીને પ્રશ્નપત્ર તૈયાર કરવાના રહેશે.<br>અ) પ્રથમ પરીક્ષા માટે ૫૦ ગુણના પ્રશ્નપત્રમાં પ્રથમ પરીક્ષા સુધીના અભ્યાસક્રમમાંથી પ્રશ્નો પૂછવાના રહેશે.<br>બ) બીજી પરીક્ષા માટે ૫૦ ગુણના પ્રશ્નપત્રમાં પ્રથમ પરીક્ષા સુધીના અભ્યાસક્રમમાંથી ૧૫ ગુણ(૩૦%)નાં પ્રશ્નો પૂછવા અને પ્રથમ પરીક્ષાથી બીજી પરીક્ષા સુધી થયેલ અભ્યાસક્રમમાંથી ૩૫ ગુણ(૭૦%) પ્રશ્નો પૂછવાના રહેશે.<br>ક) વાર્ષિક પરીક્ષા માટે ૮૦ ગુણના પ્રશ્નપત્રમાં સમગ્ર અભ્યાસક્રમમાંથી પ્રશ્નપત્રો તૈયાર કરવાના રહેશે. |
| નિયમ-૩ | દરેક રજીસ્ટર્ડ માધ્યમિક શાળાએ વર્ષ દરમ્યાન વાર્ષિક પરીક્ષા સહિતની ત્રણ પરીક્ષાઓ સ્વાસ્થ્ય અને શારીરિક શિક્ષણ, ચિત્રકામ, સંગીત, સીવણ અને ભરત, કમ્પ્યૂટર અધ્યયન જેવા વિષયો સિવાયના સૈદ્ધાંતિક વિષયો જેવા કે ગુજરાતી, હિન્દી, અંગ્રેજી, સંસ્કૃત, અન્ય ભાષા, ગણિત, વિજ્ઞાન, સામાજિક વિજ્ઞાન વગેરે માટે લેવાની રહેશે. દરેક વિદ્યાર્થીએ બઢતી મેળવવા માટે આ ત્રણ પરીક્ષાઓ પૈકી બે પરીક્ષાઓ આપવી ફરજિયાત રહેશે. પાસ થવા માટે દરેક પરીક્ષાર્થીએ જે તે વિષયમાં ઓછામાં ઓછા ૩૩% ગુણ મેળવવાના રહેશે. બઢતી મેળવવાના વિષયમાં દરેક પરીક્ષાર્થીએ જે તે વિષયમાં ઓછામાં ઓછા ૨૫% ગુણ મેળવવાના રહેશે. દરેક વિષયની પરીક્ષા ફરજિયાત રહેશે. |
| નિયમ-૪ | <u>સૈદ્ધાંતિક વિષયો માટે</u> :-<br>• પ્રથમ પરીક્ષા -૫૦ ગુણ (સમય – ૨ કલાક)<br>• દ્વિતીય પરીક્ષા -૫૦ ગુણ (સમય – ૨ કલાક)<br>• વાર્ષિક પરીક્ષા-૮૦ ગુણ (સમય – ૩ કલાક)<br>• આંતરિક મૂલ્યાંકન-૨૦ ગુણ |

આંતરિક મૂલ્યાંકનનું વર્ગીકરણ નીચે મુજબનું રહેશે.

- **૫ ગુણ - પ્રથમ સત્રની સામયિક કસોટી (પીરીયોડીક ટેસ્ટ) :-**
  પ્રથમ સત્રમાં શાળાએ પોતાની અનુકૂળતા મુજબ ૨૫ ગુણની એક સામયિક કસોટી (પીરીયોડીક ટેસ્ટ)લેવાની રહેશે. જેનું ૫ ગુણમાં રૂપાંતર કરવાનું રહેશે.
- **૫ ગુણ - દ્વિતીય સત્રની સામયિક કસોટી (પીરીયોડીક ટેસ્ટ) :-**
  દ્વિતીય સત્રમાં શાળાએ પોતાની અનુકુળતા મુજબ ૨૫ ગુણની એક સામયિક કસોટી (પીરીયોડીક ટેસ્ટ) લેવાની રહેશે. જેનું ૫ ગુણમાં રૂપાંતર કરવાનું રહેશે.
- **૫ ગુણ - નોટબુક સબમીશન :-**
  વિદ્યાર્થી દ્વારા વર્ષ દરમ્યાન તૈયાર કરેલ વર્ગકાર્ય/ગૃહકાર્યની નોટબુકનાં રહેશે.
- **૫ ગુણ - સબજેક્ટ એનરીચમેન્ટ એક્ટીવીટી :-**
  વિષય સંવર્ધન પ્રવૃતિ જેવી કે વિજ્ઞાનમાં પ્રાયોગિક કાર્ય, ભાષાઓમાં સ્પીકિંગ-લીસનીંગ ટેસ્ટ/ નિબંધ લેખન કાર્ય, સામાજિક વિજ્ઞાનમાં પ્રોજેક્ટ/ નકશાપોથી, અન્ય વિષયોમાં પ્રોજેક્ટ વગેરે કરવાના રહેશે. જેનો ગુણભાર ૫ ગુણ રહેશે.

નોંધ: રજીસ્ટર્ડ થયેલ સામાન્ય શાળા, ઉત્તર બુનિયાદી અને ટેકનિકલ શાળાઓના સૈદ્ધાંતિક વિષયો માટેનું વર્ગીકરણ ઉપર મુજબ રહેશે તેમજ ઉત્તર બુનિયાદી અને ટેકનિકલ શાળાના ઉદ્યોગ માટે પ્રાયોગિક કાર્ય ૫૦ ગુણનું રહેશે.

**નિયમ-૫** સ્વાસ્થ્ય અને શારીરિક શિક્ષણ, ચિત્રકામ, સંગીત, સીવણ અને ભરત, કમ્પ્યૂટર અધ્યયન જેવા વિષયોની વર્ષ દરમ્યાન એક જ વાર્ષિક પરીક્ષા લેવાની રહેશે. આ વિષયોનાં ગુણ કુલ ટકાવારીમાં ન ગણવા. આ વિષયોમાં પરિશિષ્ટ-ખમાં દર્શાવ્યા પ્રમાણે ગ્રેડ આપવાનો રહેશે. આ વિષયોનું પરીક્ષાનું માળખું નીચે પ્રમાણે રહેશે.

| | |
|---|---|
| સૈદ્ધાંતિક પરીક્ષા | - ૪૦ ગુણ |
| પ્રાયોગિક પરીક્ષા | - ૪૦ ગુણ |
| આંતરિક મૂલ્યાંકન (પરિશિષ્ટ-ક પ્રમાણે) | - ૨૦ ગુણ |
| | કુલ - ૧૦૦ ગુણ |

**નિયમ-૬** ૧. દરેક સૈદ્ધાંતિક વિષયમાં પાસ થવા માટે ૨૦૦ માંથી ૬૬ ગુણ(૩૩%) એટલે કે ૧૦૦ માંથી ૩૩ ગુણ મેળવવાના રહેશે અને વાર્ષિક પરીક્ષાનું પરિણામ ૧૦૦ ગુણના આધારે તૈયાર કરવાના રહેશે. સંગીત, ચિત્રકામ, સ્વાસ્થ્ય અને શારીરિક શિક્ષણ, કમ્પ્યૂટર અધ્યયન જેવા વિષયોમાં વાર્ષિક ૧૦૦ ગુણની પરીક્ષામાંથી ૩૩% ગુણ મેળવવાનાં રહેશે એટલે કે આ વિષયોમાં વિદ્યાર્થીએ ઓછામાં ઓછો D ગ્રેડ મેળવવાનો રહેશે. આ વિષયોમાં E ગ્રેડ મેળવનાર વિદ્યાર્થી વર્ગબઢતીને પાત્ર રહેશે નહિ.